## ૧૦૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે વાઘબકરી ટી ગ્રૂપ

# વિશ્વમંગલમ ગર્લ્સ સ્કૂલ અને મહિલાઓ માટેની પીટીસી કોલેજનું પુનઃબાંધકામ માટે આર્થિક સહાય કરી




**અમદાવાદ, તા.૨૨**

વિશ્વમંગલમ-અનેરા અકોદરા(હિંમતનગર) ખાતે આવેલું છે જે ઘણી જૂની શૈક્ષણિક સંસ્થા છે અને છેલ્લા ૬ દાયકાથી ગાંધીવિચારોને અનુસરીને સમાજને સેવા આપી રહ્યું છે. શ્રીમતી સુમતીબેન રાવલ અને શ્રી ગોવિંદભાઈ રાવલ (બંનેની વય ૮૬ વર્ષ) દ્વારા વિશ્વમંગલમની સ્થાપના ૧૯૫૯માં થઈ હતી.

વિશ્વમંગલમ સામાજિક /આર્થિકરીતે નબળા વર્ગના ગ્રામીણ યુવતીઓ/યુવાનોને આધુનિક શિક્ષણ આપવા સમાજ પરિવર્તન માટે કામ કરે છે અને તેમની ઉદ્યોગસાહસિક સ્કિલ ડેવલપમેન્ટ અને ઓવરઓલ આરોગ્યલક્ષી જાગૃતિ માટે તાલીમ આપવા માટે કામ કરે છે. તેનું કેમ્પસ ૭ એકરમાં વિસ્તરિત છે જેમાં ૯થી ૧૨ ધોરણની સ્કૂલ્સ, પીટીસી કોલેજ અને ગર્લ્સ હોસ્ટેલ અકોમોડેશન્સ સામેલ છે. તેમાં ૬૦ સમર્પિત લોકોનો સ્ટાફ ધરાવતા ૧૧ વિવિધ વિભાગો છે. જ્યારે એનરોલ્ડ વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦૦ જેટલી છે. આ કેમ્પસમાં ઈગ્નુ અને ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (૧૦૦૦ વિદ્યાર્થીઓ) છે અને સુવ્યવસ્થિત લાયબ્રેરી અને કમ્પ્યુટર સેન્ટર પણ છે. નોંધપાત્ર રીતે વિશ્વમંગલમની પીટીસી કોલેજ દ્વારા આજદિન સુધીમાં ૫૦૦૦ મહિલા શિક્ષકો તૈયાર કરવામાં આવ્યા છે.

આ કેમ્પસમાં આવેલી ઉત્તર બુનિયાદી વિદ્યાલય અને સ્ત્રી અધ્યાપન મંદિર (મહિલાઓની પીટીસી કોલેજ) બિલ્ડીગનું બાંધકામ ૬૦ વર્ષ જુનું છે અને ખૂબ જર્જરિત સ્થિતિમાં છે. જેથી વિશ્વમંગલમે વાઘબકરી ટી ગ્રૂપને સ્કૂલ અને કોલેજ માટે નવા બિલ્ડીગનું બાંધકામ કરવા આર્થિક સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. વાઘબકરી ટી ગ્રૂપ દ્વારા હકારાત્મક રીતે આ અનુરોધને કંપનીના સીએસઆર (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી) પ્રોગ્રામ અંતર્ગત વિચાર્યો અને તેમણે નવા બિલ્ડીગના બાંધકામ માટે રૂ. ૧૨૫ લાખની આર્થિક સહાય કરી છે.

વાઘબકરી ટી ગ્રૂપના આર્થિક સહયોગક્કથી નિર્માણપામેલનવા બે માળના બિલ્ડીગમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. આ બિલ્ડિંગમાં ૧૬૩ જેટલી ધોરણ ૯થી ૧૨ ની વિજ્ઞાન પ્રવાહની (ઉત્તર બુનિયાદી શાળા)ની વિદ્યાર્થિનીઓ અને સ્ત્રી અધ્યાપન મંદિર (પીટીસી કોલેજ)ની ૧૨૬ વિદ્યાર્થિનીઓને શિક્ષણ આપવા માટે ઉપયોગમાં લેવાશે. આ બિલ્ડિંગમાં લેબોરેટરી, લાઈબ્રેરી, કમ્પ્યુટર લેબ, પ્રાર્થના રૂમની વ્યવસ્થા પણ છે.

વાઘબકરી ટી ગ્રૂપના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પરાગ દેસાઈએ કહ્યું હતું, 'વાઘબકરી ટી ગ્રૂપ ભારતમાં તેના બિઝનેસના ૧૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. વાઘબકરી ટી ગ્રૂપના સ્થાપક શ્રી નારણદાસ દેસાઈ મૂલ્યોમાં માનતા હતા કે માનવતાની સેવા કરવી અને બિઝનેસમાં સિદ્ધાંતોનું પાલન કરવું જે અમારી કંપનીની મુખ્ય વિચારધારા છે. આ મૂલ્યો અમારા તમામ એંગેજમેન્ટ માટે ગાઈડિંગ ફોર્સ છે અને તે ગરીબો અને વંચિતોના જીવનમાં તફાવત લાવવાના પ્રયાસ છે. હું ઈચ્છું છું કે આ પ્રયાસને ખૂબ સફળતા મળે.'